અગત્યનું/તાત્કાલિક

ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૨૭૬૪

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૧/૦૭/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારની 'મનોદર્પણ' કાર્યક્રમ અન્વયેની જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૦-૧૫૧-વ.૨, તા.૧૭/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર તથા તે સાથેના ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના તા.૧૫/૭/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: 10-12/2020- Sch.4 અન્વયે જણાવવાનું કે, 'મનોદર્પણ' કાર્યક્રમ ખાસ કરીને હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ કોરોના મહામારી દરમ્યાન અને ત્યારબાદ પણ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પરિવારોના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારી માટે મનોસામાજીક સહકાર પૂરો પાડવા અંગે છે. મનોદર્પણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સુખી, અસરકારક અને ઉત્પાદકતાસભર જીવન જીવવામાં મદદ કરવા બાબતનો છે. સદર કાર્યક્રમ 'આત્મનિર્ભર ભારત અભિયાન' માં સમાવિષ્ટ છે.

'Manodarpan- Psychosocial Support for Mental Health & Well-being during the COVID outbreak and beyond' નામનું વેબ-પેજ MHRD ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેમાં સલાહ-સૂચનો, પોસ્ટર્સ, વિડીયોઝ, ઓનલાઈન ક્વેરી સિસ્ટમ વગેરેનો સમાવેશ કરેલ છે. ઉપરાંત, દેશભરના તમામ વિદ્યાર્થીઓને તેમના માનસિક સ્વાસ્થ્ય અને મનોસામાજીક પ્રશ્નો અંગે અનુભવી કાઉન્સેલર્સ, મનોવૈજ્ઞાનિકો મારફત ટેલી-કાઉન્સેલીંગ પુરૂં પાડવા રાષ્ટ્રીય ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર (૮૪૪૮૪૪૦૬૩૨) પણ સેટઅપ કરવામાં આવેલ છે. આ વેબ-પેજ અને ટોલફ્રી હેલ્પલાઈનની શરૂઆત માનનીય મંત્રીશ્રી, માનવ સંસાધન વિકાસ દ્વારા તા.૨૧/૭/૨૦૨૦, મંગળવારના રોજ ૧૧.૦૦ કલાકે કરવામાં આવનાર છે. સદર કાર્યક્રમનું જીવંત પ્રસારણ માનનીય મંત્રીશ્રીના ટ્વિટર અને ફેસબુક હેન્ડલ @DrRPNishank પર જોઈ શકાશે.

આપના જિલ્લાની તમામ શાળાઓના આચાર્યોને સદર કાર્યક્રમ જોવા અંગે સૂચિત કરવા તેમજ તેમની શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સુધી પણ સદર કાર્યક્રમની વિગત સત્વરે પહોંચાડવા જરૂરી કાર્યવાહી તાત્કાલિક કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર અને તે સાથેનું બિડાણ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર



Scanned by CamScanner

Scanned by CamScanner

ક્રમાંક:માવિ.૩/મનોદર્પણ/૨૦૨૦/૧૫૨૧૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૦/૦૭/૨૦૨૦

<u>સંદર્ભ:-કમિશ્નર શાળાઓની કચેરીના</u> તા.૧૭/૦૭/૨૦૨૦ પત્ર ક્રમાંક નં.ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૨૭૬૪ અન્વયે.
<u>૨/- નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

NB
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner